ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી



# સાબરકાંઠા-અરવલ્લીમાં પ્રથમ દિવસે ૪૦ હજાર વિદ્યાર્થીઓને કોરોના રસી અપાઈ

## અરવલ્લીમાં ૪ છાત્રોની તબિયત બગડતાં સારવાર અપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪ રાજ્યમાં ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતા ૧૫ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓને કોરોના રસી



આપવાનું અભિયાન તા.૩ જાન્યુઆરીથી શરૂ થયું જેમાં પ્રથમ દિવસે ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને કોરોના રસી આપી સંભવિત કોરોના સંક્રમણ સામે રક્ષણ આપવાનો સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે. આગામી તા.૭ ફેબ્રુઆરી સુધીમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૧.૩૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને રસીથી સુરક્ષિત કરાશે. જ્યારે શાળામાં નહિ આવતા વિદ્યાર્થીઓ માટે તા.૭ અને ૮ જાન્યુઆરીના રોજ ઘરે જઈને રસીકરણ કરવામાં આવશે તેમ આરોગ્ય વિભાગના સુત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે. જ્યારે કોરોના રસી લીધા પછી ભિલોડા તાલુકાની કલ્યાણપુર હાઈસ્કુલના ૪ જેટલા છાત્રોની તબિયત બગડતાં સારવાર આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેર શરૂ થઈ છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સતત કોરોનાના કેસમાં ઉછાળો આવતા આરોગ્ય વિભાગ દ્વારા અનેક વિસ્તારોને કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવામાં આવ્યા છે. જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કોરોના રસીથી રક્ષિત કરવાનો નિર્ણય લઈ તા.૩ જાન્યુઆરીથી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં રસીકરણ અભિયાનનો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રારંભ થયો. વિદ્યાર્થીઓએ ખૂબ



જ ધૈર્ય સાથે કોઈપણ પ્રકારના ડર વગર કોરોના રસી મુકાવી રસી મુકાવાથી દૂર ભાગતાં લોકોને અનોખો સંદેશ આપ્યો છે. જિલ્લામાં સવારથી શાળાઓમાં કોરોના રસી અભિયાન શરૂ કરવામાં આવ્યું. જેમાં જિલ્લા સમાહર્તા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં પ્રથમ દિવસે ૧૮,૦૦૦ વિદ્યાર્થીઓના કોરોના રસીકરણના લક્ષ્યાંક સામે ૨૨,૦૦૦ હજારથી વધુ વિદ્યાર્થીઓને કોરોના રસી આપવામાં આવી હતી. સાબરકાંઠા જિલ્લામાં કોરોના રસીકરણ પછી એકપણ વિદ્યાર્થીને આડઅસર થઈ ન હોવાનું વિભાગના સુત્રો જણાવ્યું છે.

# જિલ્લામાં કાતિલ ઠંડીમાં ચા ના વેચાણમાં ગરમી

## સવાર થી સાંજ સુધી ચા ની કીટલીઓ ઉપર જામતી ભીડ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળતાં ઠંડી ભગાડવા માટે પ્રજાજનો મસાલા-સૂકામેવાથી સભર વસાણાં અને કચ્ચરીયાનું સેવન કરવાની સાથે દિવસ દરમ્યાન ઠંડી ભગાડવા માટે ગરમ પીણા તરીકે ચા નો વધુ ઉપયોગ કરતા થયા હોવાથી કાતિલ ઠંડીમાં ચા ના વેચાણમાં એકાએક ગરમી આવી છે. સવાર થી સાંજ સુધી ચા ની કીટલીઓ ઉપર ચા ની ચૂસ્કી માટે ગ્રાહકોની ભીડ જોવા મળી રહી છે. જિલ્લામાં ઠંડીનું જોર વધતાં જ ચા ની કીટલીવાળાઓને કમાણીનો તડાકો પડ્યો છે. ઠંડીમાં ગરમા ગરમ ચા શરીરને ગરમહૂંફ આપતી હોવાથી ચા ના વેચાણમાં ઉછાળો આવ્યો છે.

સીઝન ઉનાળાની હોય કે શિયાળાની પરંતુ સંલગ્ન ધંધાઓને તેનો જરૂર ફાયદો થતો હોય છે. ઉનાળામાં ઠંડા પીણાંના ધંધાઓને તેનો સીધો ફાયદો થતો હોય છે તેમ શિયાળામાં ગરમા ગરમ નાસ્તા-ફરસાણની સાથે ચા ના વેચાણને શિયાળો ફાયદો કરાવી જતો હોય છે. જિલ્લામાં ઠંડીનું જોર વધતાં ઠંડીથી બચવા માટે પ્રજા શરીરને ગરમી આપે તેવા પદાર્થનું સેવન કરવા લાગી છે. કાતિલ ઠંડીમાં શરીરમાં ગરમાવો લાવવા માટે એકમાત્ર ચા જ હાથવગુ સાધન હોવાથી બંન્ને જિલ્લામાં ચા ની કીટલીઓ ઉપર ગ્રાહકોની ભીડ જોવા મળતી હોય છે. જિલ્લામાં ઠંડીનું જોર વધતાંની સાથે જ ચા ના વેચાણમાં ચાર ગણો વધારો નોંધાયો છે. અગાઉ જે પરિવારોમાં માત્ર સવારે જ ચા બનતી હતી ત્યાં હવે દિવસમાં બે થી ત્રણવાર ચા મૂકી ઠંડી ભગાડવાના પ્રયાસ થઈ રહ્યા છે. ખાસ કરીને નોકરી તથા વેપાર-ધંધા અર્થે ઘરની બહાર જતા લોકો ઠંડીથી બચવા માટે કીટલીઓ ઉપર જઈ ચા ની ચૂસ્કીનો સ્વાદ




માણતા હોય છે જેના કારણે ચા ના વેચાણમાં જબ્બર ઉછાળો આવી ગયો છે. જિલ્લામાં એકમાત્ર ચા જ એવું પીણું છે જે વર્તમાન ઠંડીમાં શરીરને અંદર અને બહારથી ગરમા ગરમ હુંફ પૂરી પાડે છે જેથી વધુ ને વધુ લોકો ચા પીવા માટે પ્રેરાઈ રહ્યા છે. કાતિલ ઠંડીના સૂસવાટામાં અન્ય ધંધા-રોજગારમાં જરૂર મંદી આવી છે પરંતુ ચા ની કીટલીઓવાળાઓ માટે ઠંડીનું જોર કમાણીનું સાધન બની ગયું છે.

# સરડોઈના ચામુંડા ધામનો પ્રવાસન ધામમાં સમાવેશ કરવા માંગ

## પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની રજૂઆતો શૂન્ય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪ મોડાસા તાલુકાના સરડોઈમાં અરવલ્લીની ગીરીમાળાઓના સૌંદર્ય વચ્ચે



સ્થિત ચામુંડા ધામનો સમાવેશ પ્રવાસન ધામમાં કરવા માટેની માંગ છેલ્લા કેટલાય સમયથી ટલ્લે ચઢતાં રવિવાર તેમજ દર પુનમે દર્શનાર્થે આવતા હજારો શ્રદ્ધાળુઓએ આંચકો અનુભવ્યો છે. સરડોઈના જાગૃત નાગરિકો દ્વારા અગાઉ પણ ચામુંડા મંદિર તેમજ તળાવ આસપાસના વિસ્તારને પ્રવાસન ધામમાં સમાવી યોગ્ય વિકાસ કરવા માટેની રજુઆતો કરવામાં આવી હોવા છતાં પરિણામ શૂન્ય મળ્યું છે. તંત્ર દ્વારા ચામુંડા ધામને પ્રવાસન ધામમાં સમાવિષ્ટ કરવામાં આવે તો સ્થાનિક ગ્રામજનોએ પણ વિકાસમાં સહભાગી બનવાની નેમ વ્યક્ત કરી છે.

જિલ્લામાં પ્રકૃતિના સાનિધ્યમાં આસ્થાનું કેન્દ્ર બનેલા અનેક દેવમંદિરો આજે વિકાસથી વંચિત જોવા મળી રહ્યાં છે. દેવદર્શન તેમજ પ્રકૃતિથી આકર્ષાઈ દૂર દૂરથી દર્શનાર્થીઓ તેમજ પર્યટકો દેવસ્થાનની મુલાકાત લેતા હોય છે પરંતુ પાયાગત સુવિધાઓના અભાવે અનેક અગવડતાઓ ભોગવવી પડતી હોય છે. રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન સ્થળોના વિકાસ માટે દર વર્ષે કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને જિલ્લામાં જૂજ સ્થળોનો પ્રવાસન ધામમાં સમાવેશ કરવામાં આવતાં અન્ય પ્રવાસન સ્થળો વર્ષોથી વિકાસની રાહ ઝંખી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં લીલાછમ ડુંગરોની હારમાળા વચ્ચે સ્થિત સરડોઈના ચામુંડા ધામ સાથે અનેક દંતકથાઓ સંકળાયેલી હોવાથી દૂર દુરથી શ્રદ્ધાળુઓ દર્શને આવી રહ્યા છે. ચામુંડા સ્થળ નજીક જ અરવલ્લીની ગીરીમાળાઓની હારમાળાઓ વર્ષોથી આકર્ષણનું કેન્દ્ર બની છે. દર્શને આવતા શ્રદ્ધાળુઓની સગવડતા ખાતર ચામુંડા સેવા પરિવાર ટ્રસ્ટ દ્વારા પીવાના પાણીની સગવડ સહિત અન્ય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે તેમ છતાં હજુ પણ પ્રકૃતિથી હર્યા ભર્યા સ્થળના વિકાસમાં અનેક તૃટીઓ રહી હોવાથી સ્થાનિક ગ્રામજનો દ્વારા ચામુંડા ધામનો પ્રવાસન સ્થળમાં સમાવેશ કરવા માટે માંગ ઉઠવા પામી છે. અગાઉ પણ ગ્રામજનો દ્વારા ઉચ્ચ કક્ષાએ ચામુંડા ધામના વિકાસ માટેની રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પ્રવાસન ધામમાં સમાવેશની માંગ ટલ્લે ચઢી છે. રવિવાર તેમજ દર પુનમે દુર દૂરથી અસંખ્ય શ્રદ્ધાળુઓ ચામુંડા ધામે આવી માતાજીના દર્શન તેમજ પ્રકૃતિના નયનરમ્ય નજારાને જોઈ પુલકીત થઈ રહ્યા છે ત્યારે ચામુંડા ધામના વકુ વિકાસ માટે વહીવટી તંત્ર ગ્રામજનોની માંગ સ્વીકારી તેનો પ્રવાસન સ્થળમાં સમાવેશ કરે તેવી સરડોઈ, ટીંટીસર, સજાપુર, લાલપુર, પાદર તેમજ શામપુર સહિતના વિસ્તારોના શ્રદ્ધાળુઓએ માંગ દોહરાવી છે.

# પેપર લીક પછી ભરતી પ્રકરણમાં વધુ એક શિક્ષકને તપાસ માટે પોલીસે ઉઠાવ્યા

## ઉર્જા વિભાગ ભરતી પ્રકરણ : અરવલ્લીનું બાયડ એ.પી. સેન્ટર હોવાનો ધડાકો, અનેક વચેટીયા અંડરગ્રાઉન્ડ થયા : ધનસુરા હાઈસ્કુલમાંથી જીતપુરના શિક્ષકને પોલીસ તપાસ માટે ઉઠાવી ગઈ, ઉમેદવારોએ રૂા.૨૧ લાખ આપી નોકરી મેળવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના પ્રશ્નપત્ર લીક પછી વિવાદ હજુ શમ્યો નથી ત્યાં ઉર્જા વિભાગ દ્વારા ઉત્તર ગુજરાત વિજ કંપની, દક્ષિણ ગુજરાત વિજ કંપની અને પશ્ચિમ ગુજરાત વિજ કંપનીમાં થયેલી ભરતીમાં તળીયાથી ટોચ સુધી સેટીંગ કરી ભ્રષ્ટાચાર આદરાયાનો વિદ્યાર્થી આગેવાન યુવરાજસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સમાં ધડાકો કર્યા પછી સરકાર એક્શનમાં આવી ગઈ અને તપાસનો ધમધમાટ શરૂ થયો છે જેમાં ધનસુરા હાઈસ્કુલમાંથી જીતપુરના શિક્ષક અરવિંદ એમ. પટેલને તપાસ માટે અરવલ્લી પોલીસ ઉઠાવી ગયાનું બહાર આવતાં એક પછી એક શિક્ષકોની બહાર આવતી ભૂમિકાના કારણે અનેક નિષ્ઠાવાન શિક્ષકોની બદનામી થઈ રહી છે. બાયડ તાલુકાના એક ગામના ૧૭ ઉમેદવારોની પસંદગી થયા પછી ભાંડો ફૂટ્યાનું અનુમાન છે. જ્યારે છેલ્લા ૩ વર્ષથી ચાલતી ઉર્જા વિભાગના ભરતી કૌભાંડમાં જે વચેટીયાઓની સંડોવણી હતી તે અંડરગ્રાઉન્ડ થયાનું જાણવા મળ્યું છે.

### પોલીસ શૈક્ષણિક સંકુલમાં આવી શિક્ષકને ઉઠાવી જતાં સન્નાટો

ધનસુરાના પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંકુલમાં એકાએક પોલીસ આવી અને અરવિંદભાઈ પટેલ નામના શિક્ષકને ગણતરીની મીનીટમાં જ સરકારી વાહનમાં બેસાડી રવાના થઈ જતાં સ્ટાફ પણ કશું સમજી શક્યો ન હતો. દિવસ દરમ્યાન ધનસુરામાં શિક્ષકને પોલીસ ઉઠાવી ગયાનો મામલો વધુ ચર્ચામાં રહ્યો હતો.

ગમે તેટલી પરીક્ષાની તૈયારી કરો પરંતુ પેપર લીક કરનારા ગમે તેવા કોઠા વિંધીને પણ પોતાનો ખેલ પૂરો પાડી રહ્યા છે. અગાઉ શિક્ષક ભરતી માટેની ટાટ પરીક્ષાનું પ્રશ્નપત્ર લીક થયા પછી એન.આર.ડી. પરીક્ષાનું પ્રશ્નપત્ર પણ લીક થયું હતું અને તેની આંગળીઓ અરવલ્લી જિલ્લા તરફ નોંધાઈ હતી પરંતુ ઉર્જા વિભાગના ભરતી કૌભાંડનો રેલો અનેક ગામડાઓ અને ઉમેદવારોને દઝાડી શકે છે. પાછલા ૩ વર્ષમાં ઉર્જા વિભાગમાં સેટીંગ કરીને અનેક ઉમેદવારોને પાસ કરાવી વિવિધ વિસ્તારોમાં વિજ કંપનીમાં નોકરી મળી છે. પરંતુ પાપ છાપરે ચઢીને પોકારે તે રીતે આખરે ખંતથી મહેનત કરનારા ઉમેદવારોનું કુદરતે સાંભળ્યું હોય તેમ ભ્રષ્ટાચારીઓનો ભાંડો ફૂટી ગયો છે. યુવરાજસિંહ જાડેજા હવે બેરોજગાર ઉમેદવારો માટે આઈકોન બનીને ઉભરી રહ્યા છે. અગાઉ ગૌણ સેવા પસંદગી મંડળનું પેપર લીક થયાની બાબત ઈન્કાર થતો હતો પરંતુ યુવરાજસિંહ જાડેજાએ ઠોસ પુરાવા રજૂ કરતાં આખરે સાબરકાંઠા પોલીસે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પેપર લીક કરનારા સામે ફરિયાદ નોંધાવી હતી અને ત્યાર પછી અત્યાર સુધીમાં ૩૨ આરોપીઓની અટકાયત થઈ છે. ઉર્જા વિભાગમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આદરી ભરતીનો ખેલ ચાલતો હોવાની ચર્ચા લાંબા સમયથી સંભળાતી હતી. આખરે નવા વર્ષના આરંભે તેનોય ભાંડો ફૂટતાં રાજ્યના સૌથી મોટા ભરતી કૌભાંડ હોવાની વિગતો નિષ્પક્ષ તપાસ પછી બહાર આવી શકે છે. પરંતુ જે રીતે શિક્ષકોની સંડોવણી સામે આવી છે ત્યારે શિક્ષકોએ પણ રાતો રાત લખપતિ બનવાના અભરખામાં આવા શોર્ટકટ અપનાવતાં સમગ્ર શિક્ષક આલમ બદનામ થઈ રહ્યો છે તે પણ વિચારવું જોઈએ. રૂરવિંદ પટેલની અરવલ્લી પોલીસે અટકાયત કરી હોવા છતાં પોલીસે તેનો સ્વીકાર કર્યો નથી તે જોતાં પોલીસ કયા કારણોસર અરવિંદ પટેલને પૂછતાછ માટે લઈ ગઈ તેનું રહસ્ય સમી સાંજ સુધી અકબંધ રહ્યું હતું.

### ઉર્જા વિભાગમાં પૈસા આપી નોકરી મેળવનારા ઉમેદવારોની ઉંઘ હરામ

જિલ્લામાં અનેક ગરજવાન ઉમેદવારોને જમીન કે દાગીના વેચીને લાખો રૂપિયા આપી વચેટીયાઓ મારફતે ઉર્જા વિભાગમાં નોકરી મેળવી હતી. પરંતુ આખરે ભરતીનો ભાંડો ફૂટી જતાં જિલ્લામાંથી લાખો રૂપિયા આપીને નોકરી મેળવનારા ઉમેદવારોની ઉંઘ હરામ થઈ છે અને આવા ઉમેદવારો પોલીસની ચુંગાલમાં આવી બદનામી થાય તે વધારાનું.

# ઊર્જા વિભાગ દ્વારા કરાતી ભરતીમાં કૌભાંડ થયાનો આક્ષેપ

## વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહે મોટો ધડાકો કર્યો : યુજીવીસીએલ, પીજીવીસીએલ, એમજીવીસીએલ, ડીજીવીસીએલમાં ગેરરીતી થઈ હોવાનો ખુલાસો થયો


વિદ્યાર્થી નેતા યુવરાજ સિંહ દ્વારા આજે એક પ્રેસ કોન્ફરન્સ કરીને મોટો ધડાકો કર્યો છે. તેમણે ઉર્જા વિભાગ દ્વારા જે ભરતી કરવામાં આવી છે, તેમાં યુજીવીસીએલ, પીજીવીસીએલ, એમજીવીસીએલ, ડીજીવીસીએલ એમ કુલ પાંચ વિભાગોમાં ગેરરીતી થઈ હોવાનો ખુલાસો કરીને ખળભળાટ મચાવી દીધો છે. તેમણે જણાવ્યું હતું કે આજરોજ જે પરીક્ષા ચાલી રહી છે તેના સ્પષ્ટીકરણ અને કૌભાંડ આચરવામાં આવ્યું છે તેના પર વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ વિગતવાર માહિતી આપીને અનેક મોટા ખુલાસા કર્યા છે. યુવરાજસિંહે કૌભાંડમાં ધનસુરાના અવધેશ પટેલ મુખ્ય આરોપી હોવાનો આરોપ લગાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે અમારી ટીમને કોઈ જાતિ, જ્ઞાતિ, વ્યવસાય કે અધિકારીઓ પ્રત્યે કોઈ રોગદ્રેષ નથી. અમે ફક્તને ફક્ત વિદ્યાર્થીઓના હિતમાં રાખીને અમે રજૂઆત કરીએ છીએ. છેલ્લા ત્રણ વર્ષમાં ઉર્જા વિભાગ દ્વારા જે ભરતી કરવામાં આવી છે, તેમાં યુજીવીસીએલ, પીજીવીસીએલ, એમજીવીસીએલ, ડીજીવીસીએલ એમ કુલ પાંચ વિભાગોમાં ગેરરીતી થઈ હોવાનો ખુલાસો કરીને ખળભળાટ મચાવી દીધો છે. જેની ક્ષતિઓ બહાર લાવવાનો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું કે આજે રાજ્યમાં જે પરીક્ષા ચાલી રહી છે, તેમાં પણ કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોવાનો ઉલ્લેખ કર્યો છે. યુવરાજ સિંહ જાડેજાએ જણાવ્યું હતું કે છેલ્લાં ૩ વર્ષમાં ઉર્જા વિભાગની ભરતીમાં મોટાપાયે કૌભાંડ આચરવામા આવ્યા છે. અત્યારે અલગ અલગ કેન્દ્રો પર ભરતી ચાલી રહી છે. યુવરાજ સિંહે ઉર્જા વિભાગની વિવિધ ભરતીઓમાં જે કૌભાંડોનો આરોપ લગાવ્યો છે, તેનો લાભ ધવલ પટેલ, કૃસાંગ પટેલ, હિતેશ પટેલે લીધો હોવાનું જણાવ્યું છે. આ સાથે તેમણે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તપાસ કરવા એસઆઈટીની રચના કરવા જણાવ્યું છે. તેમણે ઉમેર્યુ હતું કે, ઉર્જા વિભાગ દ્વારા જે ભરતી કરવામાં આવી છે તેમાં એક જ સિકવન્સમાં એક સરખા માર્ક્સ આવ્યા છે. આ ઉપરાંત એક જ ગામના ૧૮ લોકોને નિમણૂંક આપવામાં આવી, જે અશક્ય છે. પીજીવીસીએલ, ડીજીવીસીએલ, યુજીવીસીએલમાં ભરતીની પરીક્ષા ઓનલાઈન લેવામાં આવે છે. જેમાં કોમ્પ્યુટર હેક કરીને કંટ્રોલ રૂમમાંથી જવાબો આપવામાં આવે છે.

# વેરો નહીં ભરતા બાકીદારો ઉપર પાલિકાની તવાઈ

## હિંમતનગર પાલિકા દ્વારા ભરતી ૨૮ મિલ્કતોની સીલીંગ કાર્યવાહી : કોરોના સંક્રમણમાં રાહત આપવાની માંગ ઉઠી

બાયડ, તા. ૪ હિંમતનગર નગરપાલિકા દ્વારા બાકીદારોને વેરો ભરવા માટે નોટિસ આપ્યા પછી પણ ગંભીરતા ન દાખવતાં છેવટે ૨૮ મિલ્કતોની સીલગ કાર્યવાહી કરવામાં આવતાં બાકીદારોમાં ફફળાટ ફેલાયો છે. કોરોનાનું સંક્રમણ વધ્યું હોવાથી પાલિકા હાલ પૂરતી રાહત આપે તેવી પણ કેટલાક બાકીદારોએ રજૂઆત કરી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર નગરપાલિકા વિસ્તારોમાં નબળી વેરા વસુલાતની રીજીયોનલ કમિશ્નર, નગરપાલિકા-ગાંધીનગર દ્વારા નોધ લઈ બાકીદારો સામે કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવ્યા હતા. વેરા વસુલીમાં નબળી કામગીરી હોય તો ચીફ ઓફીસર સામે પણ કાર્યવાહીના સંકેત આપવામાં આવ્યા હતા. હિંમતનગર પાલિકા દ્વારા ટેક્ષની વધુ વસુલાત થાય અને સ્વભંડોળમાં વધુ આવક થાય તો પ્રજાના વિકાસ માટેના અનેક સારા કામોનું આયોજન થઈ શકે તે માટે ટેક્ષ વિભાગ દ્વારા બાકીદાર ૨૦૦ થી વધુ લોકોને ટેક્સ ભરવા માટે વોરંટની બજવણી કરવામાં આવી હતી તેમ છતાં અનેક બાકીદારો ગંભીર ન બનતાં હિંમતનગર પાલિકા ચીફ ઓફીસર નવનીત



પટેલની સૂચનાથી ટેક્ષ વિભાગની ટીમ દ્વારા ૨ દિવસમાં ૨૮ મિલ્કતો સિલ કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે. જે બાકીદારોનો ટેક્સ ભરવાનો બાકી હોય તેમને પણ સત્વરે ટેક્ષ ભરી દેવા જણાવવામાં આવ્યું છે.

# સલામ...મોટા લાલપુર પ્રા. શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને સ્વેટર આપી દાયીત્વ નિભાવ્યું

બાયડ તાલુકાની મોટા લાલપુર પ્રા.શાળાના શિક્ષકોએ ગાત્રો થીજવી દેતી ઠંડીમાં કાંપતા ગરીબ પરીવારના બાળકોને જોઈ તમામ વિદ્યાર્થીઓને સ્વેટર આપી સમાજ અને શાળા



પ્રત્યેનું અનોખું દાયીત્વ નિભાવતા જિલ્લા અને રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગે શિક્ષકોની કામગીરીની ઉમદા નોંધ લીધી છે. પ્રા.શિક્ષકો કર્મયોગી બનવાની સાથે હવે વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદના દાખવતાં કોરોનાના કારણે છેલ્લા ૨૧ મહિનાથી શિક્ષણથી વિમુખ થયેલા બાળકો શાળામાં આવવા માટે વધુ ને વધુ ઉત્સાહિત થઈ રહ્યા છે. વર્ષોથી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લો શિક્ષકોના જિલ્લા તરીકે સમગ્ર રાજ્યમાં આગવી નામના મેળવી છે. શિક્ષકો હવે શાળામાં આવતા બાળકોને દફતર, પાટી પેન, બૂટ-ચંપલ લઈ આપવાની સાથે શિયાળા દરમ્યાન ગરમ વસ્ત્રો આપીને સમાજમાં એક અનોખું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે અને તેની અચૂક નોંધ લેવાવી જોઈએ પરંતુ કમનસીબે તેની યોગ્ય નોંધ લેવાતી નથી. બાયડ તાલુકાની મોટા લાલપુર શાળાના મુખ્ય શિક્ષક મુકેશભાઈ બી. પ્રજાપતિએ શાળામાં આવતા બાળકો ઠંડીમાં માત્ર શર્ટ અને પેન્ટ-ચડ્ડી પહેરીને આવતા અને થરથર કાંપતા જોઈ તમામ બાળકોને સ્વેટર આપવાનો મનોમન નિર્ણય કર્યો. શાળામાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થી સંખ્યા હતી. શાળાના સ્ટાફ સાથે મીટીંગ કરી અને ગરીબ-બક્ષીપંચ પરીવારના તમામ બાળકોને સ્વેટર આપવાના નિર્ણયને તરતો મૂક્યો. તુરંત જ સ્ટાફના શિક્ષકો રાજેશકુમાર એમ.પટેલ, નિરાલીબેન પટેલ, નિતાબેન પ્રજાપતિ, ભરતકુમાર ડામોર, કિંજલબેન પટેલ, કોદરીબેન ડી. ખાંટ દ્વારા સ્વેટરનો સંયુક્ત ખર્ચ આપવાનો નિર્ણય કરી તમામ બાળકોને સ્વેટર અપાયા ત્યારે બાળકોના ચહેરા ઉપર દેખાયેલી ખુશાલીએ સૌને ભાવુક કર્યા હતા.